જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

### હોટલ હયાત ખાતે રૂમ ભાડે રાખી ક્રિકેટ સટ્ટો રમી રમાડતા આરોપીઓને પકડી પાડતી સાયબર સેલ, ક્રાઈમ બ્રાન્ચ

ગઇકાલ તા. ૦૯/૧૦/૨૦૧૬ ના રોજ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ નાઓ ઓફીસ હાજર હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે " લખીરામ તેજવાની રહે. માણેકબાગ, આંબાવાડી અમદાવાદ શહેર તથા રાજુ રાણા રહે. પ્રહલાદનગર, સેટેલાઇટ, અમદાવાદ શહેર તથા જયેશ ઠક્કર રહે. ભાભર, બનાસકાંઠા નાઓ વસ્ત્રાપુર તળાવ પાસે આવેલ હોટલ હયાત ના રૂમ નં. ૧૦૨૮ ત્રીજો માળે રૂમની અંદર લેપટોપ તથા મોબાઇલ ફોનો નો ઉપયોગ કરી બાંગ્લાદેશ V/s ઇગ્લેન્ડ વચ્ચે રમાતી વન ડે ક્રિકેટ મેચનો સટ્ટો મોબાઇલ ફોનોથી લઇ નાણાની હાર જીતનો જુગાર રમી રમાડે છે." વિગેરે મતલબની બાતમી હકીકત આધારે મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા, સાયબર ક્રાઇમ સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ તથા પો.સ.ઇ.શ્રી જે.એમ.જાડેજા તથા સ્ટાફના માણસોની ટીમ બનાવી નાયબ પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓનું જુગાર ધારાનું વોરંટ મેળવી પંચો સાથે હોટલ હયાત ના ત્રીજા માળે આવેલ રૂમ નં. ૧૦૨૮ માં રેઇડ કરતાં બાંગ્લાદેશ V/s ઇગ્લેન્ડ ની વનડે મેચનો સટ્ટો રમી રમાડતા આરોપીઓ (૧) લખીરામ મોતીરામ તેજવાની ઉ.વ. ૫૬ રહેવાસીઃ ૧૦, માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ શહેર (૨) જયેશ રસીકલાલ ઠક્કર ઉ.વ. ૩૧ રહે. મહાલક્ષ્મી સોસાયટી, ગામ.ભાભર બનાસકાંઠા તથા (૩) રાજુ રસીકલાલ રાણા ઉ.વ. ૪૨ રહેવાસીઃ ૧૪, રીવેરા બંગ્લોઝ, પ્રહલાદનગર, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ શહેર તથા (૪) વિશાલ હસમુખલાલ ઠક્કર ઉ.વ. ૩૦ રહે. ૩/એ, યશ ટાઉનશીપ, ચાણસ્મા હાઇવે પાટણ તથા (૫) હીરાલાલ નાથુજી પટેલ ઉ.વ. ૨૦ રહે. ગામ.માંડલી, તા. સલુમ્બર, જિ. ઉદેપુર, રાજસ્થાન નાઓને ગઇ કાલ તા. ૦૯/૧૦/૨૦૧૬ ના રોજ અટક કરી ડીસીબી પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૩૦૮૪/૨૦૧૬ ધી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે અને સદરી ગુનાની આગળની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.જાડેજા નાઓ ચલાવી રહેલ છે.

સદરી આરોપીઓ પાસેથી લેપટોપ નંગ- ૦૨ તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ- ૨૩ તથા રેકોર્ડર નંગ- ૦૧, ડોંગલ નંગ- ૦૧, કેલ્ક્યુરેટર નંગ-૦૧, પાવર સપ્લાયર નંગ- ૦૧, ટીવી નંગ- ૧, આઇ-૨૦ કાર -૧ ,એકટીવા મો.સા.-૦૧ તથા પાંચેય ઇસમોની અંગજડતીમાંથી મળી આવેલ રોકડ નાણાં રૂ. ૧૬૧૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૫,૬૯,૮૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

સદરી આરોપીઓની પુછપરછ કરતાં તેઓ સટ્ટો રમવા માટે તથા સોદા લખવા માટે PLAY નામના સોફટવેરનો ઉપયોગ કરે છે જે સોફટવેર ઉંઝા ખાતે રહેતા એક વ્યક્તિ પાસેથી નખાવેલ છે તથા પોતાની પાસે રહેલ મોબાઇલમાં જીઓ સીમકાર્ડથી ઇન્ટરનેટનો ઉપયોગ કરી WWW.LCEXCH.COM અને WWW.BETPAIR.COM નામની સાઇટથી મેચનો ભાવ જાણી મોબાઇલો ઉપર ગ્રાહકોના ફોન આવે તેઓને ભાવ જણાવી ગ્રાહક જે સોદાઓ લખાવે તે PLAY નામના સોફટવેરમાં લખતા હોવાનું જણાવેલ છે. અને જ્યારે જ્યારે મેચ હોય ત્યારે જુદી જુદી હોટલોમાં રોકાઇને ક્રિકેટ સટ્ટો રમી રમાડતાં હોવાનું પણ જણાવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)